# વાર્ષિક પરીક્ષા **મહિલામંડળ** નું પેપર

તા. ૦૭-૦૧-૨૦૧૮ • સમય: સવારે ૯ થી ૧૨ • શ્રેણી: **૨૦** • ગુણ: ૧૦૦

**Dharmik Shikshan Board Certificate Course Level : 1**

**પ્ર.: ૧ સામાયિક-પ્રતિક્રમણ - કર્મગ્રંથ - ૨ના આધારે જવાબ લખો : ૨૦**

**અ) સામાયિક - પ્રતિક્રમણના આધારે જવાબ લખો.**

૧) કોટિ કોને કહે છે ? તે કેટલી છે ? કઈ કઈ ? **(૩)**

**જ:** ૧) કોટિ એટલે પ્રકાર કે મર્યાદા કે છેડો. કરણ અને યોગના ગુણાકારથી કોટિની સંખ્યા મળે છે.
કરણ ત્રણ છે - કરવું, કરાવવું અને અનુમોદવું
યોગ ત્રણ છે - મન, વચન અને કાયા
મનથી ૧) કરવું ૨) કરાવવું ૩) અનુમોદવું
વચનથી ૪) કરવું ૫) કરાવવું ૬) અનુમોદવું
કાયાથી ૭) કરવું ૮) કરાવવું ૯) અનુમોદવું એમ નવ કોટિ થાય.

૨) પરિભોગો એટલે શું ? ૭મા વ્રતમાં ૨૬માંથી પરિભોગના બોલ કેટલા છે ? **(૩)**

**જ:** ૨) પરિભોગ - જે વારંવાર વાપરી શકાય તેવા પદાર્થનો પરિભોગ કહેવાય છે. સાતમા વ્રતમાં છ પરિભોગ છે.
૧) ઉલ્લણિયાવિહિં ૨) વત્થવિહિં ૩) આભરણવિહિં ૪) વાહણવિહિં ૫) ઉવાહણવિહિં અને ૬) સયણવિહિં.

૩) યાદ હોય કે ન હોય તેવા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ કયાં બતાવેલું છે ?
તે બતાવતા મૂળ શબ્દો લખો. આ શબ્દો જ પાઠમાં આવે છે તેનું નામ લખો. **(૨)**

**જ:** ૩) પાંચમાં શ્રમણસૂત્રમાં ''જં સંભરામિ, જં ચ ન સંભરામિ, જં પડિક્કમામિ જં ચ ન પડિક્કમામિ, તસ્સ સવ્વસ્સ, દેવસિયસ્સ, અઇયારસ્સ પડિક્કમામિ'' શબ્દ દ્વારા સર્વ અતિચારોનું પ્રતિક્રમણ બતાવ્યુ છે.

**જ** ૪) નીચેનામાં જીવોની વિરાધનાનો કયો પ્રકાર લાગે ? **(૨)**

**સાથે**

| | | |
|---|---|---|
| ૧) | સામેથી વાઘને આવતો જોઈ ગોળીએ દીધો હોય. | - અભિદયા |
| ૨) | કીડ ઉપર રાખનો ઢગલો કર્યો હોય. | - વત્તિયા |
| ૩) | ઘઉંને એરંડિયુ દીધું હોય. | - સંઘાઈયા |
| ૪) | ગુવારની સુકવણી કરી હોય. | - જીવિયાઓ વવરોવિયા |

**બ) કર્મગ્રંથના આધારે નીચેના જવાબ લખો : (કોઈ પણ પાંચ) (૧૦)**

૧) ઉદય વિચ્છેદ અને અનુદયમાં શું તફાવત છે ? સ્પષ્ટ કરો.

**જ:** ૧) ઉદય વિચ્છેદ - જે ગુણસ્થાનથી આગળના કોઈ પણ ગુણસ્થાને જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય તો તે ગુણસ્થાને તે પ્રકૃતિનો ઉદય વિચ્છેદ કહેવાય.
અનુદય - જે ગુણસ્થાને જે કર્મપ્રકૃતિનો ઉદય ન હોય પણ ત્યાર પછીના કોઈ પણ ગુણસ્થાને એ પ્રકૃતિનો ઉદય થઈ શકે તેને અનુદય કહેવાય છે. દા. ત. મિથ્યાત્વ ગુણસ્થાને જિનનામનો ઉદય નથી પણ ૧૩મા ગુણસ્થાને ઉદય થાય છે માટે ૧ થી ૧૨ સુધી જિનનામનો અનુદય કહેવાય છે. અને મિથ્યાત્વ ગુણસ્થાને મિથ્યાત્વ મોહનીયનો ઉદય હોય છે પણ ત્યાર પછીના કોઈ પણ ગુણસ્થાને ઉદય થતો જ નથી તેને ઉદયવિચ્છેદ કહેવાય છે.

૨) બીજા ગુણસ્થાનને છેડે કયા કર્મની કેટલી પ્રકૃતિનો ઉદયવિચ્છેદ થાય છે ?

**જ:** ૨) બીજા ગુણસ્થાનના છેડે મોહનીય અને નામ કર્મની ૯ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ થાય છે. અનંતાનુબંધી ચોક (ક્રોધ, માન, માયા, લોભ) જાતિ ચોક - એકે., બે., તેઇ. અને ચૌરેન્દ્રિય તથા સ્થાવર નામ એ નવનો ઉદયવિચ્છેદ થાય છે.

૩) ચારે પ્રકારની માયાનો ઉદય કયાં સુધી હોય ? ઉદયવિચ્છેદ કયાં થાય ?

**જ: ૩) અનંતાનુબંધી માયા ૧થી ૨ ગુણ. સુધી ઉદય બીજાને છેડે ઉદયવિચ્છેદ**
**અપ્રત્યાખ્યાની માયા ૧થી ૪ ગુણ. સુધી ઉદય ચોથાના છેડે ઉદયવિચ્છેદ**
**પ્રત્યાખાની માયા ૧થી ૫ ગુણ. સુધી ઉદય પાંચમના છેડે ઉદયવિચ્છેદ**
**સંજ્વલનની માયા ૧થી ૯ ગુણ. સુધી ઉદય નવમાના છેડે ઉદયવિચ્છેદ**

૪) ચરમ શરીરીને ૬ઠ્ઠા અને ૧૧મા ગુણસ્થાને કયા કયા સંઘયણનો ઉદય હોય ?

**જ: ૪) ચરમ શરીરીને ૬ઠ્ઠા અને ૧૧મે એક જ વજ્રઋષભનારાચ નો ઉદય હોય.**

૫) હેમવયના મનુષ્યને પાંચ શરીર, ૩ અંગોપાંગ, ૬ સંઘયણ, ૬ સંસ્થાનમાંથી શું શું ઉદયમાં હોય ?

**જ: ૫) હેમવયના મનુષ્યને - ઔદારિક, તૈજસ, કાર્મણ શરીર, ઔદારિક અંગોપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ અને સમચોરસ સંસ્થાનનો ઉદય હોય.**

૬) અપર્યાપ્તા, એકેન્દ્રિય જાતિ, આહારકશરીર અને અશાતા વેદનીયનો ઉદય કેટલા ગુણસ્થાનક સુધી હોય ?

**જ: ૬) અપર્યાપ્તાનો ઉદય ૧લા ગુણસ્થાન સુધી જ હોય.**
**એકન્દ્રિય જાતિનો ઉદય બીજા ગુણસ્થાન સુધી જ હોય.**
**આહારક શરીરનો ઉદય માત્ર છઠ્ઠા ગુણસ્થાને જ હોય.**
**અશાતા વેદનીયનો ઉદય ૧થી ૧૪ ગુણસ્થાન સુધી હોય.**

## પ્ર.: ૨ આચારાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૫

૧) કોઈ પણ જીવની હિંસા કરવાની ઇચ્છા શા માટે ન કરવી જોઈએ ?

**જ: ૧) કરેલા કર્મના ફળ ભોગવવા જ પડે છે માટે કોઈ પણ જીવની હિંસા કરવાની ઇચ્છા કરવી જોઈએ નહિ.**

૨) શેમાં જરા પણ સંદેહ કરવો યોગ્ય નથી.

**જ: ૨) જિનેશ્વર ભગવંતોએ જે માર્ગ બતાવ્યો છે, જે તત્વ અને આચાર કહ્યા છે. તે જ સત્ય છે તેમાં જરા પણ સંદેહ કરવો યોગ્ય નથી.**

૩) યુદ્ધ કોની સાથે કરવું જોઈએ ? શા માટે ?

**જ: ૩) પોતાના આત્મામાં રહેલા કર્મશત્રુઓ સાથે યુદ્ધ કરવું જોઈએ.**

૪) 'आणाए मामगं धम्मं ।' સમજાવો.

**જ: ૪) પ્રભુની આજ્ઞાનું પાલન કરવું એ જ મારો ધર્મ છે.**

૫) જીવવા અને મરવામાં અનાસક્ત કેવી રીતે રહેવું જોઈએ ?

**જ: ૫) જીવવાની આકાંક્ષ નહિ અને મરવાની અભિલાષા નહિ એ રીતે જીવવા અને મરવામાં અનાસક્ત રહેવું જોઈએ**

## પ્ર.: ૩ શ્રી ઠાણાંગ સૂત્રના આધારે જવાબ લખો : ૧૦

૧) દુર્ગતિનું બીજું કારણ, પાંચમું દુર્ગમસ્થાન, ચોથો દંડ, પહેલો વાયુ અને ત્રીજી સેના લખો.

**જ: ૧) દુર્ગતિનું બીજું કારણ - અસત્ય ભાષણ, પાંચમું દુર્ગમસ્થાન - સંયમનું પાલન અને ધર્મનું આચરણ કરવું, ચોથો દંડ - અકસ્માત દંડ, પહેલો વાયુ - આકાંત વાયુ જોર જોરતી ભૂમિ પર પગ પછાડવાથી ઉત્પન્ન વાયુ, અને ત્રીજી સેના - હસ્તિ સેના**

૨) શરીરમાંથી જીવને નીકળવાના માર્ગ કયા કયા છે ? કયાંથી નીકળેલો કયાં જાય ?

**જ: ૨) શરીરમાંથી જીવને નીકળવાના પાંચ માર્ગ છે.**

૧) પગથી નિર્યાણ કરનારો (નિકળેલો) જીવ નરકગામી થાય.
૨) સાથળથી નિકળેલો જીવ તિર્યંચગામી થાય.
૩) હૃદયથી નિકળેલો જીવ મનુષ્યગામી થાય.
૪) મસ્તકથી નિકળેલો જીવ દેવગામી થાય.
૫) સર્વાંગથી નિકળેલો જીવ સિદ્ધ ગતિમાં પર્યવસિત થાય.

**જ** ૩) પાંચ સભા અને પાંચ આચાર કયા કયા છે ?

**સાથે**

| | | પાંચ સભા | પાંચ આચાર |
|---|---|---|---|
| ૧) સુધર્મા સભા | - | મળવાનું સ્થાન | જ્ઞાનાચાર |
| ૨) ઉપપાત સભા | - | ઉત્પત્તિ સ્થાન | દર્શનાચાર |
| ૩) અભિષેક સભા | - | અભિષેકનું સ્થાન | ચારિત્રાચાર |
| ૪) અલંકારિક સભા | - | શરીર સજાવટનું સ્થાન | તપાચાર |
| ૫) વ્યવસાય સભા | - | અધ્યયનગૃહ | વીર્યાચાર |

**જ:** ૪) વ્યાખ્યા લખો

**સાથે** ૧. જીત વ્યવહાર :- જ્યાં ધારણાદિ ન હોય ત્યાં દ્રવ્ય - ક્ષેત્ર - કાળ - ભાવ આદિ અનુસાર પરંપરા પ્રમાણે જે પ્રાયશ્ચિત અપાય તે - જે અનેક ગીતાર્થ દ્વારા આચરિત હોય, અસાવધ અને આગમથી અબાધિત હોય તે.

૨. ધારણા વ્યવહાર :- કોઈ ગીતાર્થ સાધુ કે ગચ્છના ઉપકારી વડીલ સાધુ પાસેથી મહત્વના પ્રાયશ્ચિત પદોની ધારણા અનુસાર જે વ્યવહાર થાય તે.

૩. હિંસાદંડ :- આ વ્યક્તિએ મને માર્યું હતું, મારે છે કે મારશે તેવા ભયથી હિંસાદિ કરવા.

૪. શરીરાનુગત વાયુ :- ઉચ્છવાસ, અપાન અન ઓડકાર આદિ દ્વારા શરીરમાંથી નીકળતો વાયુ.

૫. પીડિત વાયુ :- ભીનાં વસ્ત્રાદિને ઝાટકવાથી ઉત્પન્ન થતો વાયુ.

**પ્ર.:૪ જ્ઞાતાધર્મકથાંગના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) ૧૦**

૧) નંદીફળના અધ્યયનમાં કઈ કઈ નગરીના કયા કયા રાજાની વાત આવે છે ?

**જ:** ૧) ચંપાનગરી - જીતશત્રુ રાજા અને અહિછત્રાનગરી - કનકકેતુ રાજાની

૨) ક્રય વિક્રયની વસ્તુઓ કઈ કઈ છે ?

**જ:** ૨) ગણિમ - (ગણી શકાય એવા) નારિયેળ વગેરે, ધરિમ - (ત્રાજવે તોળાય એવા) ગોળ, ધાન્ય વગેરે, પેય - પ્રવાહી ઘી, તેલ વગેરે અને પરિચ્છેદ્ય - સોનું રત્નાદિ વગેરે ક્રય વિક્રયના પદાર્થો છે.

૩) ધન્ય સાર્થવાહે પોતાની સાથે આવવા માટે કોને કોને કહ્યું ?

**જ:** ૩) ધન્ય સાર્થવાહે પોતાની સાથે આવવા માટે ચરક, વૃદ્ધ શ્રાવકો, ગૃહસ્થો, ભિક્ષુકો, નિર્ગ્રંથ સાધુઓ, બ્રાહ્મણો, પરિવ્રાજકો આદિને કહ્યું.

૪) આ અધ્યયનનું નામ નંદીફળ શા માટે છે ?

**જ:** ૪) આ અધ્યયનમાં નંદીફળના માધ્યમથી બોધ આપવામાં આવ્યો છે કે મોક્ષમાર્ગના સાધક માટે ઇન્દ્રિયોના વિષય વિષમય નંદીફળની સમાન છે જેમ નંદીફળનાં લક્ષણથી મરણ થાય છે તેમ ઇન્દ્રિય વિષયોના સેવનથી સંસારમાં જન્મ - મરણ થાય છે. માટે આ અધ્યયનનું નામ નંદીફળ છે.

૫) પાંચે ઇન્દ્રિયોના વિષય કેટલા છે ? કયા કયા ?

જ: ૫) પાંચે ઇન્દ્રિયોના વિષય ૨૩ છે.
શ્રોતેન્દ્રિયના - ૩ વિષય - જીવ શબ્દ, અજીવ શબ્દ, મિશ્ર શબ્દ
ચક્ષુઇન્દ્રિયના - ૫ વિષય - વર્ણ - કાળો, લાલ, પીળો, ભૂરો, સફેદ
ઘ્રાણેંદ્રિયના - ૨ વિષય - સુરભિ ગંધ દુરભિ ગંધ
રસેન્દ્રિયના - ૫ વિષય - રસ - ખાટો, મીઠો, તૂરો, તીખો, કડવો
સ્પર્શેન્દ્રિયના - ૮ વિષય - સ્પર્શ - ટાઢો, ઊનો, રૂક્ષ, સ્નિગ્ધ, હળવો, ભારે, ખરખરો, લીસો.

૬) ધન્ના અણગારે સંયમનું પાલન કેવી રીતે કર્યું ? કાળ કરીને કયાં ગયા ? પછીના ભવે શું કરશે ?

જ: ૬) ધન્ના અણગારે દીક્ષા લઈને સામાયિકથી લઈને અગિયાર અંગોનું અધ્યયન કર્યું, ઘણાં વર્ષ સુધી સંયમનું પાલન કર્યું. અંત સમયે એક માસની સંલેખના કરીને સાઠ ભકતના અનશન દ્વારા ત્યાગ કરી દેવલોકમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંથી ચ્યવીને મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય થઈને મોક્ષમાં જશે - જન્મ-મરણનો અંત કરશે.

**અથવા**

**પ્ર.: ૪ સુંસુમા આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ)** **૧૦**

૧) આ અધ્યયનનું નામ સુંસુમા શા માટે છે ?

જ: ૧) આ અધ્યયનમાં સુંસુમાના અધિકારથી સાધુ - સાધ્વીને બોધ આપવામાં આવ્યો છે માટે એનું નામ સુંસુમા છે. જે રીતે ધન્ય સાર્થવાહે વર્ણ, રૂપ, બળ માટે નહિ પણ રાજગૃહી નગરીમાં પહોંચવા માટે પોતાની મૃત પુત્રી સુંસુમાના માંસ અને રૂધિરનો ઉપયોગ કર્યો એ જ રીતે સાધુ - સાધ્વી ગુરુની આજ્ઞાથી સંસારને પાર કરવા મોક્ષ નગરે પહોંચવા ઔદારિક શરીરને ટકાવવાા માટે આહાર કરે.

૨) ચિલાત દાસપુત્ર સંસુમાને લઈને રમવા જતો ત્યારે શું કરતો હતો ?

જ: ૨) ચિલાત દાસપુત્ર રમવા જતો ત્યારે કોઈની કોડીઓ, લખોટીઓ, રમકડાંઓ, ઢીંગલીઓ, માળાઓ, અલંકારો વગેરે રમતાં-રમતાં અન્ય બાળકોની વસ્તુઓ ચોરી લેતો હતો. કોઈને મારતો, કોઈને ગાળો બોલતો, કોઈને ઠગતો વગેરે નિંદનીય કાર્ય કરતો હતો.

૩) સિંહગુફામાં શું હતું ? તેનું વર્ણન કરો.

જ: ૩) સિંહગુફા નામની ચોરપલ્લીમાં અત્યંત અધર્મી, ક્રૂર, દઢપ્રહારી, કુખ્યાત એવો વિજય નામનો ચોર સેનાપતિ ૫૦૦ ચોર સાથે રહેતો હતો.

૪) ધન્ય સાર્થવાહના મોટા પુત્રએ પોતાનો વધ કરવાનું શા માટે કહ્યું ?

જ: ૪) ધન્ય સાર્થવાહના મોટા પુત્રએ રાજગૃહી નગરી સુખરૂપ પહોંચવા માટે પોતાનો વધ કરવા માટે કહ્યું. પિતાએ પોતાનો વધ કરી માંસ રૂધિરનો આહાર કરી પાંચે પુત્રને સુખરૂપ રાજગૃહી પહોંચવા માટે કહયું એ સાંભળી મોટા પુત્રએ કહ્યું કે હે પિતાજી ! તમે અમારા માત-તાત-જનક-ગુરુ છો. દેવતા સ્વરૂપ છો. અમારા ઉપર આપના ઘણાં ઉપકાર છે માટે આપનો નહિ પણ મારો વધ કરીને મારા માંસ રૂધિરનો આહાર કરો.

૫) ચિલાત ચોરે દરવાજા કેવી રીતે ઉઘાડયા અને શું બોલ્યો ?

જ: ૫) ચિલાત ચોરે મધ્યરાત્રિએ બધું સુમસામ થઈ ગયું પછી પાણીથી સ્વચ્છ થઈ, તાળા ખોલલાની વિદ્યાનું સ્મરણ કરી રાજગૃહીના દરવાજાનાં કમાડો પર પાણી છાંટયું. દરવાજા ઉઘડી જતાં બોલ્યો કે 'જેને નવી માત્તાનું દૂધ પીવું હોય અર્થાત મરવા ઇચ્છતો હોય તે મારી સામે આવે.'

૬) કોણ કોને કહે છે ?

૧. આપણે તેમનું ઘર લૂંટવાનું છે. **જ :** ૧) ચિલાત ચોર – (અન્ય) બધા ચોરોને કહે છે.

૨. નહિ તો મરી ગયો સમજજે. **જ :** ૨) ધન્ય સાર્થવાહ – ચિલાત ચોરને કહે છે.

**પ્ર. : ૫ અંતગડ સૂત્રના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) ૧૦**

૧) વાસુદેવ દીક્ષા લઈ શકે કે નહિ ? શા માટે ?

**જ :** ૧) બધા વાસુદેવો નિયમા (નિશ્ચયથી) નિયાણકડા (નિદાનકૃત – નિયાણુ કરવાવાળા) હોય છે માટે ક્યારેય દીક્ષા લઈ શકે નહિ.

૨) આ અધ્યયનમાં કઈ નગરીના કયા રાજાની વાત છે ? તે નગરી કેવી હતી ?

**જ :** ૨) આ અધ્યયનમાં દ્વારિકા નગરીના કૃષ્ણ મહારાજાની વાત છે. તે નગરી ૧૨ યોજન લાંબી, ૯ યોજન પહોળી પ્રત્યક્ષ દેવલોક સમાન હતી.

૩) ભગવંતના શ્રીમુખેથી નગરીના વિનાસનું કારણ સાંભળી વાસુદેવના મનમાં શું અધ્યવસાય ઉત્પન્ન થયો ?

**જ :** ૩) વાસુદેવના મનમાં અધ્યવસાય ઉત્પન્ન થયો કે ''ધન્ય છે તે જાલિ, માયાલિ આદિ યદુકુમારોને જેઓએ સુવર્ણ, રજત, રાજ્ય, અંતઃપુરાહિ સર્વસ્થનો ત્યાગ કરી તથા પ્રચુર સોના-ચાંદી સારભૂત દ્રવ્યનો દેવાયોગ્ય ભાગ દાનમાં દઈ ભગવાન પાસે સંયમ અંગીકાર કર્યો છે. હું અધન્ય છું, અપુણ્ય છું, જેના કારણે રાજ્ય, અંતઃપુર અને માનવીય કામભોગોમાં ગૃદ્ધ, આસક્ત તેમ જ મૂર્ચ્છિત છું. હું પ્રભુની પાસે સંયમ સ્વીકારી શકતો નથી.''

૪) પદ્માવતીની દીક્ષા કયાં, કેવી રીતે થઈ ?

**જ :** ૪) પદ્માવતીની દીક્ષા રૈવતક પર્વત પાસે સહસ્ત્રામ્રવન ઉદ્યાનમાં થઈ. દીક્ષા પૂર્વે પદ્માવતીને પાટે બેસાડીને ૮૬૪ સુવર્ણ આદિ કળશોથી મહાભિનિષ્ક્રમણાભિષેક કર્યો, બધા અલંકારોથી વિભૂષિત કરી હજાર પુરુષોથી ઉપાડાય એવી શિલિકામાં બેસાડી દીક્ષા સ્થાને ભગવાન અરિષ્ટનેમિ પાસે લઈ આવ્યા. દીક્ષા માટેની આજ્ઞા લઈને પદ્માવતીએ ઇશાનખૂણામાં જઈ પોતે પોતાના અલંકાર ઉતાર્યા, સ્વયં પંચમુષ્ટિ લોચ કર્યો અને ભગવાન પાસે ઉપસ્થિત થઈ દીક્ષા લીધી.

૫) કોણ કોને કહે છે ?

૧) પાંડુ મથુરા તરફ જઈશું. **જ :** ૧) ભગવાન અરિષ્ટનેમિ – શ્રીકૃષ્ણને

૨) મને ચારિત્રધર્મનો સ્વીકાર કરાવો. **જ :** ૨) પદ્માવતી – ભગવાન અરિષ્ટનેમિને

૬) કૃષ્ણ વાસુદેવે પદ્માવતીને અરિષ્ટનેમિને સોંપતા શું કહ્યું ?

**જ :** ૬) કૃષ્ણ વાસુદેવે ભગવાનને કહ્યું કે ''હે ભંતે ! આ પદ્માવતીદેવી મારી પટરાણી છે. મને તે ઇષ્ટ છે, પ્રિય છે, ગુણવાન છે, મારા મનને અનુકુળ આનંદ આપનારી છે. શ્વાસોચ્છવાસની જેમ પ્રિય છે. મારી આવી પ્રિય પટરાણી પદ્માવતીની ભિક્ષા આપને શિષ્યારૂપમાં આપું છું. આપ એનો સ્વીકાર કરો.''

૭) ત્રણથી ચાર લાટીમાં ઉપસંહાર લખો.

**જ :** ૭) ઉપસંહાર :- આ અધ્યયનમાં કૃષ્ણ મહારાજાએ બીજાને દીક્ષા લેવા માટે પ્રેરણા આપે છે. એમના પરિવારની સાર-સંભાળ લેવાનું વચન આપે છે તેમજ પોતાના પરિવારજનોને પણ સંયમની સહર્ષ અનુમતિ આપીને શ્રેષ્ઠ ધર્મદલાલી કરીને ધર્મ પ્રભાવક બને છે. તેમની પટરાણીએ પણ સંયમ લઈને તપસાધનામાં સિંહણ સમાન શૂરવીર બનીને નારીશક્તિનો પરિચય આપ્યો.

**અથવા**

**પ્ર. : ૫ શ્રી નિરયાવલિકા આધારે જવાબ લખો : ૧૦**

૧) ચક્રવાત તપસ્યામાં શું કરવાનું હોય ?

**જ :** ૧) ચક્રવાત તપસ્યામાં છઠ્ઠ ને પારણે છઠ્ઠ કરીને સૂર્યની સામે બે હાથ ઊંચા રાખીને આતાપના લેવાની હોય છે .

૨) શુક્રદેવ પૂર્વભવમાં કોણ હતા ? કયાં રહેતા હતા ? શેમાં નિપૂણ હતા ?

**જ :** ૨) શુક્રદેવ પૂર્વભવમાં સોમિલ નામના બ્રાહ્મણ હતા . વારાણસી નામની નગરીમાં રહેતા હતા . ચાર વેદ, ઇતિહાસ,નિઘંટુ (ક્રોશ), છ અંગ અને બીજા અનેક શાસ્ત્રમાં નિપુણ હતા .

૩) શુક્રદેવના પૂર્વભવ ઉપરથી શું બોધ લેવાનો છે ?

**જ :** ૩) વ્રતભંગ અને તાપસી દીક્ષા સ્વીકારીને આલોચના - પ્રતિક્રમણ ન કરીએ તો વિરાધક થવાય છે . માટે શ્રાવકધર્મ સ્વીકાર્યા પછી સમ્યક્દર્શનની શુદ્ધિ - પૂર્વક આરાધક કરવાથી શ્રાવકધર્મ - ચારિત્રપાલન સફળ થાય છે .

૪) કોણ કોને કહે છે ?

૧) મૃત્યુ માટે મહાપ્રસ્થાન કરું **જ :** ૧) સોમિલ બ્રાહ્મણ વિચાર કરતાં સ્વગત કહે છે .

૨) સ્વયંમેવ સ્વીકારીને વિચરો . **જ :** ૨) દેવ સોમિલ બ્રાહ્મણને કહે છે .

૫) સોમિલ બ્રાહ્મણ શ્રાવકધર્મથી ચ્યુત થયા પછી નગરીની બહાર શું બનાવડાવ્યું ?

**જ :** ૫) સોમિલ બ્રાહ્મણે શ્રાવકધર્મથી ચ્યુત થઈને વારાણસી નગરીની બહાર આંબાના વૃક્ષોના બગીચા, બીજોરા, આમલી વગેરેની વાડી, પુષ્પવાડી વગેર બનાવરાવ્યાં .

**પ્ર. : ૬ શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો : ૧૫**

**અ) નીચેનામાંથી કોઈ પણ ત્રણ ગાથા પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૯)**

१) कुसग्गे .......... पमायए

२) आउक्काय .......... पमायए

३) पंचिंदिय .......... पमायए

४) वुाच्छिंद .......... पमायए

**જ :** ૧) ગાથા નં. - ૨, ૨) ગાથા નં. - ૬, ૩) ગાથા નં. ૧૩, ૪) ગાથા નં. ૨૮ પુસ્તક પ્રમાણે લખવી

**બ) નીચેના સવાલોના જવાબ લખો : (૬)**

૧) મનુષ્યુજીવન કોની જેમ પડવાનું છે ?

**જ :** ૧) મનુષ્ય જીવન રાત-દિવસનો કાળ વ્યતીત થતાં ઝાડનાં પીળા થઈ ગયેલાં પાંદડા સુકાઈને ખરી પડે એમ પડવાનું છે .

૨) બેઇન્દ્રિયમાં કેટલો સમય પસાર થાય છે ?
અને દેવગતિમાં વધારેમાં વધારે કેટલાં વર્ષ રહેવું પડે ?

**જ :** ૨) બેઈન્દ્રિયમાં જન્મ મરણ કરતાં ઉત્કૃષ્ટ સંખ્યાતો કાળ પસાર કરે છે અને દેવગતિમાં વધારેમાં વધારે સખ્યાત કે અસંખ્યાત વર્ષ રહેવું પડે છે .

૩) શરીરને બળહીન કોણ કરે છે ?

**જ :** ૩) અળાઈઓ, ગૂમડાં, વિસૂચિકા તથા વિવિધ પ્રકારના શીઘ્રઘાતક રોગ શરીરને બળહીન કરે છે .

૪) ભારવાહકને કેમ પસ્તાવું પડે છે ?

**જ :** ૪) વિષમમાર્ગમાં ધૈર્ય ગુમાવીને મૂલ્યવાન ભાર છોડીને દરિદ્રતાને કારણે દુ:ખી થઈને પસ્તાવું પડે છે .

૫) કામભોગનું ફરીથી સેવન કેમ નથી કરવાનું ?

**જ: ૫) અણગારધર્મ સ્વીકારીને કામભોગ વમન કર્યા છે માટે બચેલી વસ્તુનું ફરીથે સેવન ન કરાય.**

૬) સંયમમાં સ્થિર થવાથી શું ફાયદો થાય છે ?

**જ: ૬) સંયમમાં સ્થિર થવાથી ક્ષપક શ્રેણી ચઢીને ઉપદ્રવરહિત, કલ્યાણકારી અને અનુત્તર એવા સિદ્ધલોક – મોક્ષની પ્રાપ્તિ થાય છે.**

**પ્ર.: ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો : ૨ + ૨ + ૪ + ૨ ૧૦**

૧) વનસ્પતિકાય અને વરૂણદેવમાં હિયમાનાદિ કેટલા અને કયા ભંગ લાભે ? એની ત્યાં કેટલી સ્થિતિ ?

**જ: ૧)** વનસ્પતિમાં ત્રણે ભંગ લાભે. હિયમાન, વર્ધમાન અને અવસ્થિત. ત્રણેની સ્થિતિ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ આવલિકાનો અસંખ્યાતો ભાગ, વરૂણના દેવમાં પણ ત્રણ ભંગ લાભે. હિયમાન – વર્ધમાન રહે તો જઘન્ય ૧ સમય ઉ. આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને અવસ્થિતનો કાળ વિરહકાળથી બમણો.

૨) સિદ્ધ, સુધર્માસ્વામી, સૂર્યરત્ન અને સુવાની ભાજીમાં કયા કયા સંચય હોય ?

**જ: ૨)** સિદ્ધ માં કૃત સંચય અને અવકતવ્ય સંચય
સુધર્માસ્વામીમાં અવકતવ્ય સંચય – વ્યક્તિગત – પોતે જ ઉત્પન્ન થયા એ અપેક્ષા થી
સૂર્યરત્નમાં અક્રતસંચય સમયે સમયે અસંખ્યાતા જીવ ઉપજે
સૂવાની બાજીમાં અક્રતસંચય સમયે સમયે અસંખ્યાતા જીવ ઉપજે.

૩) રત્નપ્રભા નારકી, નીલરત્ન, સમુચ્ચય જીવ અને અકાયમાં સોવચય આદિ ચાર ભાંગામાંથી કયા કયા લાભે ? એની સ્થિતિ કેટલી હોય ?

**જ: ૩)** રત્નપ્રભા નારકીમાં ચારે ભાંગા લાભે
સોવચય, સાવચય, સોવચય – સાવચય એ ત્રણેની સ્થિતિ જ. ૧ સમય. ઉ. આવલિકાના અસંખ્યાતમા ભાગની નિરૂવચય–નિરવચયની વિરહદ્વારવત
નીલરત્નમાં પણ ચાર ભાંગા હોય ચારેની સ્થિતિ ४. ૧ સમય ઉ. આવલિકાનો અસંખ્યાતમો ભાગ
સમુચ્ચય જીવમાં :– ચોથો ભાંગો નિરૂવચય–નિરવચય તે શાશ્વત છે.
અકાયમાં– બે ભાંગા – ૧) સોવચય :– જ. ૧ સમય ઉ. ૮ સમય. ૨) નિરૂવચય :– નિરવચય જ. ૧ સમય ઉ. છ માસ.

૪) વ્યાખ્યા લખો – વર્ધમાન, સાવચય, હાનિ, અકૃત સંચય.

**જ: ૧)** વર્ધમાન :– જીવોની સંખ્યામાં વૃદ્ધિ થવી જન્મ – મરણ બંને હોય કે એક હોય. પણ જીવોની વૃદ્ધિ થાય.

૨) સાવચય :– જીવો માત્ર ચ્યવતા હોય, માત્ર મરણ હોય.

૩) હાનિ :– જન્મ – મરણ બંને હોય કે એક હોય પણ જીવોની હાનિ થવી

૪) અકૃત સંચય :– ૧ સમયમાં અસંખ્યાતા કે અનંતા જીવો ઉત્પન્ન થાય.

**પ્ર.: ૮ શ્રી પ્રજ્ઞાપનાના સૂત્રના આધારે જવાબ લખો : (કોઈ પણ ચાર) ૧૦**

૧) ઔદારિક અને તૈજસ શરીરની વ્યાખ્યા લખો.

**જ: ૧)** ઔદારિક શરીર :– સડી જાય, પડી જાય, વિણસી જાય, કોહી જાય, બગડી જાય, મૃત્યુ પછી મૃતદેહ પડી રહે તે. ઉદાર તે પ્રધાન જે તીર્થંકર ગણધર આદિ પુરૂષોને પ્રધાન એવી મોક્ષ ગતિ મેળવવામાં સહાય કરે. તૈજસ શરીર :– જેના કારણે શરીરમાં ઉષ્ણતા રહે અને આહારને પચાવે તે તૈજસ શરીર. તેજો લેશ્યા છોડવામાં કારણભૂત શરીર

૨) અવગાહના દ્વાર લખો.

**જ:** ૨) અવગાહના દ્વાર :- ઔદા. શરીરની અવ. જ. અંગુલનો અસં. ભાગ ઉ. ૧૦૦૦ જોજન ઝાઝેરી વૈક્રિય શરીરની - જ. અંગુલનો અસં. ભાગ ઉ. ૫૦૦ ધનુષ્ય વાયુકાય વર્જીને ઉત્તર વૈક્રિય કરે તો જ. અંગુલનો સંખ્યાતમો ભાગ ઉ. ૧ લાખ જોજન ઝાઝેરી મનુષ્ય અપેક્ષા, વાયુકાયના પર્યાપ્તાન જ. અંગુલનો અસં. ભાગ ઉ. અંગુલનો અસં. ભાગ.
આહારક શરીરની :- અવગાહના જઘન્ય ૧ હાથ ન્યૂન ઉત્કૃષ્ટ - ૧ હાથ
તૈજસ કાર્મણની :- અવગાહના જઘન્ય અંગુલનો અસં. ભાગ ઉ. સર્વલોક પ્રમાણે (કે. સમુ. આશ્રી)

૩) પાંચે શરીરનું પ્રયોજન શું છે ?

**જ:** ૩) પાંચે શરીરનું પ્રયોજન :- ઔદારિકનું - મોક્ષને સાધ્ય કરવાનું, વૈક્રિયનુ - વિવિધરૂપ કરવાનું, આહારકનું - સંશય ટાળવાનું, તૈજસનું - પુદ્ગલ પાચન કરવાનું અને કાર્મણનું - આહાર અને કર્મને આકર્ષવાનુ.

૪) હાલ પ્રવર્તતા આરામાં કેટલા અને કયા કયા શરીર હોય ? જેટલાં શરીર હોય એની સ્થિતિ લખો.

**જ:** ૪) હાલ ચાર શરીર હોઈ શકે. એની સ્થિતિ નીચે મુજબ છે.
ઔદારિકની - જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩ પલ્યની
વૈક્રિયની - જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ ૩૩ સાગરની
આહારકની - જઘન્ય અંતર્મુહૂર્ત ઉત્કૃષ્ટ અંતમુર્હૂત
તૈજસ - કાર્મણની - અભવ્ય આશ્રી અનાદિ અનંત અને ભવ્ય જીવ આશ્રી અનાદિ સાંત.

**જ** ૫) નીચેનામાં કેટલા શરીર હોય ? માત્ર સંખ્યા લખો.

**સાથે**

| | | |
|---|---|---|
| ૧. ઉત્તરકુરૂના મનુષ્ય | - | ૩ |
| ૨. મહાવીર સ્વામી | - | ૦ |
| ૩. લોકને છેડે રહેલો વાયરો | - | ૩ |
| ૪. અવેદી મનુષ્ય | - | ૩ |
| ૫. ક્ષાયક સમકિતી સિંહ | - | ૩ |

**પ્ર.: ૯ માર્ગણા - નીચેનામાં માત્ર જીવના ભેદની સંખ્યા લખો : ૧૦**

**જ સાથે**

| | માર્ગણા | નારકી | તિર્યંચ | મનુષ્ય | દેવ |
|---|---|---|---|---|---|
| ૧) | તેજોલેશી એકેન્દ્રિય | ૦ | ૩ | ૦ | ૦ |
| ૨) | એકાંત સમ્યગ્દૃષ્ટિ | ૦ | ૦ | ૦ | ૧૦ |
| ૩) | વચનયોગી તિર્યંચ | ૦ | ૧૩ | ૦ | ૦ |
| ૪) | ઊર્ધ્વલોક દેવી | ૦ | ૦ | ૦ | ૬ |
| ૫) | મિશ્રદૃષ્ટિ ગર્ભજ | ૦ | ૫ | ૧૫ | ૦ |
| ૬) | અધોલોક મિશ્રદૃષ્ટિ | ૭ | ૫ | ૧ | ૧૦ |
| ૭) | ઘ્રાણેન્દ્રિય તિર્યંચ | ૦ | ૨૪ | ૦ | ૦ |
| ૮) | એકેન્દ્રિય જીવો | ૦ | ૨૨ | ૦ | ૦ |
| ૯) | સમ્યગ્દૃષ્ટિ તિર્યંચ | ૦ | ૧૮ | ૦ | ૦ |
| ૧૦) | ઔદારિક શરીરમાં વૈક્રિય કરાવાવાળામાં | ૦ | ૬ | ૧૫ | ૦ |

|| જય જિનેન્દ્ર ||